જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૪/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૮૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૫૬ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૩૧ વ્યક્તિઓની અતકાયત કરી રૂપિયા ૪૦,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૮૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૬૯૦/૧૭

વેજલપુરઃ ક્રિષ્ણાબહેન ડો/ઓ જસવંતભાઇ રાઠોડ (ઉ.વ.૩૬) (રહે. મલ્હાર ફ્લેટ જી.બી.શાહ કોલેજ પાછળ વાસણા) એ તા.૨/૪/૧૭ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧/૧૭ થી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી શક્તિસિંહ પારાશકુમાર રાજપુત (રહે. વિશ્વાસ સીટી-૫ ગોતા વોટર ટેંક ગોતા) એ ક્રિષ્ણાબહેનને વિશ્વાસમાં લઇ વિદેશ વર્ક વિઝા માટે રૂપિયા ૧,૬૪,૦૦૦/- મેળવી લઈ વિઝા કે રૂપિયા પરત નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.કોડીયાતર ચલાવે છે.

**કાલુપુરઃ** પ્રતાપ સગાળચંદ ચંદન (ઉ.વ.૬૨) (રહે. કૈલાસ કોલોની ૧૩૨ ફુટ રિંગ રોડ સેટેલાઇટ) એ તા.૨/૪/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૨/૧૭ નારોજ કાલુપુર ઘી બજાર સુખસાગર કં.નામની પોતાની દુકાન ખાતેથી આરોપી નરેશભાઇ મહેશ્વરી (જેના પુરા નામની ખબર નથી) (રહે. મહેશ્વરી ટ્રેડિંગ કં.૮૦/૨ વૃદાવન શોપિંગ સેન્ટર ગુ.હા.બોર્ડ જનતાનગર ચાંદખેડા) શ્રી નંદ કપાસિયા તેલના ડબ્બા નંગ-૬૦ કિમત રૂપિયા ૬૬,૦૦૦/- ખરીદ કરી લઈ જઈ આજદીન સુધી નાણા નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રોહિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૧/૧૭</u>**

સોલા હાઈકોર્ટઃ જય કાંતીભાઇ કુલેત્રા (રહે. રોકવ્યુ એપાર્ટમેન્ટ ઇંદ્ર પ્રસ્થ ટાવરની બાજુમા તુલીપ બંગ્લોઝ થલતેજ સોલા હાઈકોર્ટ) એ તા.૨/૪/૧૭ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૩/૧૭ કલાક ૭/૩૦ થી કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાંથી લેપટોપ નંગ-૨ અને મોબાઈલ ફોન-૧ મળી કુલ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૨/૧૭</u>**

**દાણીલીમડાઃ** મેઘનાબહેન હિતેષભાઇ રાવળ (ઉ.વ.૨૩) (રહે. નવો વાસ પ્રહલાદ ભાઇની ચાલી નવો વાસ શાક માર્કેટ પાસે અમરાઇવાડી) તા.૧/૪/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા નવજીવન સ્કુલ નજીકથી પતિ સાથે એક્ટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો મેઘનાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મેઘનાબહેન રાવળે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૩/૧૭</u>**

**સરદારનગરઃ** હરીશકુમાર કિશનચંદ માધવાણી (રહે.પરીસ્કાર-૧ ખોખરા સર્કલની સામે) એ તા.૨/૪/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૩/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે નોબલ ટર્નીગ નજીકથી હરીશકુમારના માતા મીરાબહેન વા/ઓફ કિશનચંદ માધવાણી (ઉ.વ.૭૦) ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મીરાબહેનને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧/૪/૧૭ રાતના ૯/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.એમ.સીંધી ચલાવે છે.

**દાણીલીમડાઃ** જાકીરહુસેન મોહમદહુસેન અંસારી (રહે. આવડત ફેકટરીની બાજુમાં નવા ઢોર બજરની સામે બહેરામપુરા દાણીલીમડા) એ તા.૨/૪/૧૭ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૩/૧૭ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા ખોડીયારનગર બ્રીજના છેડે જાકીરહુસેન અંસારીનો ભત્રીજો આદીલ સમીરભાઈ અંસારી (ઉ.વ.૨૨) (રહે. ચાર માળીયા રેલવે ક્રોસીંગ વટવા)રસ્તો ક્રોસ કરી રહ્યો હતો ત્યારે અજાણ્યા ઓટોરિક્ષા ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી આદીલને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમ્યાન તા.૧/૪/૧૭ રાતના ૮/૨૦ વાગે તેનું મૃત્યુ નિપજયુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સીડીઓમાંથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૪/૧૭</u>**

**નરોડાઃ** શ્રવણકુમાર સોનાજી મારવાડી (ઉ.વ.૧૮) (રહે.માતૃશક્તિ સોસાયટી મફતનગરના છાપરા પાછળ નરોડા) તા.૨/૪/૧૭ રાતના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબા ઉપર સુતા હતા ત્યારે લઘુ શંકા માટે સીડી વાટે નીચે ઉતરતા સીડી ઉપરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨/૪/૧૭ કલાક ૫/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ માધુસિહ ચલાવે છે.

**<u>પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૫/૧૭</u>**

**વટવાઃ** સંગમ ડો/ઓ બીપીનભાઈ ચાકીયા (ઉ.વ.૦૪) (રહે.કિર્તિનગર ગણેશનગરની બાજુમાં નારોલ વટવા) તા.૨/૪/૧૭ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા પાણી ભરેલ અંડર-ગ્રાઉન્ડ ટાંકીમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૩/૪૫ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૯૬/૧૭</u>**

**ગોમતીપુરઃ** તુલસીબહેન વા/ઓ ઇશ્વરભાઇ પટણી (ઉ.વ.૨૬) (રહે.કસ્તુરભાઇની જુની ચાલી રાયપુર મીલ પાસે છત્રીસ ઓરડી ગોમતીપુર) તા.૮/૩/૧૭ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાઇમસ ઉપર રસોઇ બનાવવા દીવાસળી સળગાવતા પ્રાઇમસમાં ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨/૪/૧૭ કલાક ૬/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનર શ્રી એચ ડીવીઝન ચલાવે છે.

**ઇસનપુરઃ** હર્ષદ ધુકાજી પ્રજાપતી (ઉ.વ.૨૪) (રહે. સતાધારનગર વિશાલનગર પાસે ઇસનપુર) ને તા.૨૯/૩/૧૭ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડીની આગની ઝાળ લાગતા દાઝી ગયા હતા બાદમાં સગડી ઉપર મુકેલ ગરમ પાણીનું તપેલી શરીર ઉપર પડતા ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨/૪/૧૭ બપોરના ૧/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લવજીભાઈ ગોવિંદભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૯૭/૧૭**

**ઓઢવઃ** ઓમકારસિંગ રામખ્રિકસસિંગ રાજપુત (ઉ.વ.૨૪) (રહે. પ્રથમ માળે હરીઓમ સોસાયટી પાર્ક કાકાભાજીપાઉની બાજુમા રીંગરોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧/૪/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨/૪/૧૭ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીવસિહ તીતસિહ ચલાવે છે.

**રામોલઃ** ઉત્સવભાઇ ધર્મેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૨૮) (રહે.રૂદ્ર રેસીડન્સી પંચવટી પેરેડાઈઝની પાસે વસ્ત્રાલ) એ આર્થિક તંગીને કારણે તા.૧/૪/૧૭ રાતના ૧૦/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ મણીલાલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** આરજુ બેગમ વા/ઓ હશીબુલ શેખ (ઉ.વ.૩૨) (રહે. દાણીલીમડા કોહીનુર એપાર્ટમેન્ટ છીપા સોસાયટી દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨/૪/૧૭ કલાક ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)